૨૪૮
૮

ક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા પુસ્તક ૨૨ મું
સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

બાલ મંદિર

# કહેવતોનાં મૂળ

: લેખક :

ગિજુભાઈ

1600057

卐

: મુખ્ય વિક્રેતા :

આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨

ચાર આના

: પ્રકાશક :
અચરતલાલ ર. શેઠ
શ્રી વિરાટ પ્રકાશન મંદિર
સોનગઢ · (કાઠિયાવાડ)

: મુદ્રક :
રેવાશંકર હરિશંકર જાની
શ્રી ગ્રામલક્ષ્મી પ્રિં. પ્રેસ
સોનગઢ · (કાઠિયાવાડ)

## અનુક્રમ

રાઈના પાડ તો રાતે ગયા. . ૩
આખા ગામનું ખાડું . . . . ૯
ભેંશ ભાગોળે. . . . . . ૧૩
વોરાભાઈનું નાડું . . . . . ૧૬
કોળીભાઈનું ઉંહું . . . . . ૧૮
વાવડી ચસકી. . . . . . ૨૧
ગદ્ધાપૂચ્છ . . . . . . . ૨૪
દાઢીના દોઢસો. . . . . . ૨૮
દોઢડાહ્યો ત્રણ ઠેકાણે ખરડાય . ૩૦

કુલ નકલ ૯૬૨૫

પહેલી આવૃત્તિ
ચાર મુદ્રણો
કુલ ૫૧૨૫

બીજી આવૃત્તિ
બે મુદ્રણો
૩૩૫૦. નકલો

તૃતીય મુદ્રણ
૧૧૫૦ નકલો
૩૦ : ૯ : ૪૯

# કહેવતોનાં મૂળ

* ❋ *

## રાઈના પાડ[1] તો રાતે ગયા.

એક હતો વાણિયો. નાનો સરખો વેપાર કરે ને ખરચ કાઢે.

એક વાર રાતે ચોર આવ્યા. ખડખડાટ થયો ને વાણિયો જાગી ઊઠ્યો.

[1] પાડ=ભાવ

મનમાં કહે: "માળું, કાકા આવ્યા છે તે જરૂર પાંચપચ્ચીશનું લઈ જશે. હવે શું થાય? વાણિયાથી કાંઈ સામે થવાશે?"

વણિયો કહે: "અલી એ! સાંભળે છે કે?"

વાણિયણ હતી ઊંઘમાં. તે કહે: "હવે સાંભળે છે સાંભળે છે શું કરો છો? જરા સખે ઊંઘવા તો દ્યો!"

વાણિયો કહે: "પણ સાંભળે છે કે?"

વાણિયણ કહે: "હવે સૂવા દ્યો ને?"

વાણિયો કહે: "પણ વેપારની વાત કરવી છે; બહુ કામની છે. ન સાંભળ તો મારા સમ."

વાણિયણ કહે: "લ્યો, કહો જોઈએ?"

બોલાચાલો સાંભળીને ચોર ખંચાઈને ઊભા રહ્યા.

વાણિયો કહે: "એ તો એમ છે કે કાલે રાઈના ભાવ ચડી જવાના છે; રૂપિયાની એક શેર વેચાવાની છે."

---

ખંચાવું=અચકાવું.

વાણિયણ કહે: "હેં! રૂપિયાની શેર? ત્યારે તો ખૂબ કમાશું."

વાણિયો કહે: "પણ રાઈ રાખી છે ક્યાં? ક્યાંઈક ચોર આવીને લઈ ન જાય."

વાણિયણ કહે: "એ પણે અગાશીમાં પડી. અત્યારે તે કયો ચોર આવતો'તો?"

વાણિયો કહે: "પણ...."

વાણિયણ કહે: "હવે પણ ને બણ. ઊંઘવા દ્યો ને? ત્યાં રાઈ કોણ લઈ જતું'તું?"

ચોરોએ વાત સાંભળી લીધી. તેઓ કહે: "અલ્યા, આ તો ભારે શુકન પાક્યા. ઘર તોડવું મટ્યું ને જોખમ ખેડવું મટ્યું. આ રહી પણે અગાશી. બાંધો સૌ રાઈનાં પોટલે-પોટલાં."

ચોરોએ તો રાઈનાં પોટલાં બાંધ્યાં ને માથે ઉપાડીને ચાલ્યા.

વાણિયો મનમાં કહે: "હવે થશે કાલે જોયા જેવી!"

ચોર ગયા એટલે વાણિયો પાછો કહે: "સાંભળ્યું કે?"

વાણિયણ કહે: "શું છે? હવે ઘડીક તો સુઓ ને સૂવા દ્યો?"

વાણિયો કહે: "પણ આલી રાઈ તો ચોર લઈ ગયા."

વાણિયણ કહે: "હેં! લઈ ગયા? ત્યારે કાલે શું કમાશું? વોયવોય, ખોટું થયું! મને જગાડી નહિ ને? હું રાઈ લઈ લેત."

વાણિયો કહે: "લે હવે ડાહી થા મા; સૂઈ જા. એ તો જાણી જોઈને કહ્યું હતું. પેલા આવ્યા હતા કાળાં મોઢાના, ચોરી કરવા. આ ખોટું ખોટું અડાવ્યું એટલે એ તો રાઈ લઈને ભાગ્યા!"

સવાર પડી ને વાણિયે દુકાન ઉઘાડી. આઠ-નવ વાગ્યા ત્યાં એક જણ રાઈના ભાવ પૂછવા આવ્યો: "શેઠ! રાઈના શા ભાવ?"

"પાંચ રૂપિયે મણ."

બીજો જણ પૂછવા આવ્યો: "શેઠ! રાઈના શા ભાવ?"

"ભાઈ! પાંચ રૂપિયે મણ."

ત્રીજો જણ આવ્યો અને ભાવ પૂછ્યા; "શેઠ! રાઈના ભાવ?"

"એ ભાઈ! પાંચ રૂપિયા મણના."

ચોથો જણ આવ્યો અને ભાવ પૂછ્યો.

શેઠ કહે: "રાઈ તો લાવો. વળી સારી જાત હશે તો કાંઈક ભાવ વધારે આપશું."

ચોરો તો બધા વિચારમાં પડી ગયેલા: "અરે, આજે તો રૂપિયે શેર રાઈ વેચાવાની હતી ને આ શું થયું? ચાલો આપણે રાઈ જ બતાવીએ. નમૂનો જોઈને ભાવ થશે."

ચોરો તો રાઈનાં પોટલાં લઈને વાણિયાની દુકાને આવ્યા ને રાઈ બતાવી ભાવ પૂછ્યો.

વાણિયો કહે: "આ રાઈ તો હલકી છે. મણના ચાર રૂપિયા મળશે."

એક ચોર કહે: "અરે શેઠ! આલો છો

શું? આજ તો રાઈના ભાવ ઊંચા છે. આ રાઈ તો રૂપિયે શેરની છે. રૂપિયે જોઈતી હોય તો રાખો નીકર બીજે હાટે જશું."

વાણિયો ઠાવકાઈથી કહે: "ભાઈ! રાઈના પાડ તો રાતે ગયા. પણ ઊભા રહો, હવે જશો ક્યાં? કાકાની રાઈ રાતે લઈ ગયા છો, તે બાપનો માલ હશે!"

વાણિયે સિપાઈને બોલાવી ચોરોને પકડાવ્યા ને માલ હાથ કર્યો.

# આખા ગામનું ખાડું

એક ગામડું ગામ હતું. એમાં ભવાયા રમવા આવ્યા. રાત પડી ને ભૂંગળું વાગ્યું. ગામ આખું ભવાઈ જોવા આવ્યું. સૌ ખાટલા ઢાળીને ભવાઈ જોવા બેઠા. ગામના શેઠ રઘાશેઠ પણ આવેલા. વેશ આવવા માંડ્યા—

"તા થૈ થૈ થૈ; તા થૈ થૈ થૈ."

ગણેશનો વેશ આવ્યો.

"હું દાળો દુ:ખભંજણો ને સદા ય બાળે વેશ;
પ્રથમ પહેલાં સમરીએ, ગૌરીપુત્ર ગણેશ.
તા થૈ થૈ થૈ; તા થૈ થૈ થૈ."

ગણેશનો વેશ ગયો ને બીજો વેશ આવ્યો: મિયાં અને બીબીનો. મિયાંબીબીનો વેશ ગયો ને કાબાનો વેશ આવ્યો.

"કાબો મારો કોણે માર્યો રે,
માણીગર કોણે માર્યો રે."

---

ખાડું=ભેંશનું ટોળું　　　માણીગર=રસિક

મધરાત થઈ ગઈ અને સારા સારા વેશ આવવા માંડ્યા.

ફેરબાનો વેશ આવ્યો. નાચ જોઈ જોવા-વાળાઓ ખુશીખુશી થવા લાગ્યા ને કાંઈ ને કાંઈ ભેટ આપવા લાગ્યા. કોઈએ રૂપિયો ફેંક્યો, કોઈએ પાઘડી નાખી, કોઈએ ચૂંદડી ફેંકી.

રઘાશેઠને ય મન થઈ આવ્યું. હતા તો શેઠ પાકા વાણિયા; પણ કોણ જાણે કેમ, મન થઈ આવ્યું. તે કહે: "એ....રઘાશેઠ એક ભેંશ આપે છે."

ભવાયાએ તો પંપૂડાં વગાડ્યાં ને 'તા થૈ થૈ થં, તા થૈ થ થે' કહીને રઘાશેઠનાં વખાણ કર્યાં: "ભલ્યે ભલ્યે ભલ્યે; રઘાશેઠની ભલ્યે !"

ભેંશ આપતાં તો અપાઈ ગઈ, પણ રઘા-શેઠ વિચારમાં પડી ગયા.

વેશ બદલાયો અને ઝંડાનો વેશ આવ્યો. એવો સરસ ઝંડો થયેલો કે વાત કરો મા.

જોવાવાળા તો ભારે ખુશીખુશી થઈ ગયા.

---

ફેરબો=એક જાતનો નાચ

વાણિયે પણ ખુશીખુશી થયાનો ડોળ કર્યો.

મનમાં કહે: "માળું! આ ખોટું થયું. એમ કાંઈ ભેંશ આપી દેવાય? આ તો બધા કાલા છે તે આપી દે છે; પણ હું તો વાણિયો છું. ઠીક છે, હવે ફેરવી બાંધીએ."

ફરી બધા બક્ષિશો આપવા માંડ્યા એટલે રઘાશેઠ કહે: "એ....મારી બે ભેંશ."

ભવાયા કહે: "ભલ્યે ભલ્યે ભલ્યે; રઘાશેઠની ભલ્યે! તા થૈ થૈ થૈ."

ત્યાં તો રઘાશેઠ કહે: "ત્રણ ભેંશ."

વળી ભવાયાઓએ વખાણ કર્યાં ને પંપૂડાં વગાડ્યાં.

થોડી વાર થઈ એટલે રઘાશેઠ કહે: "એ.... પાંચ ભેંશ."

લોકો તો વાહ વાહ કરવા માંડ્યા. રઘાશેઠ તો ખુશી ખુશી થતા જાય ને કહેતા જાય: "દસ ભેંશ, વીશ ભેંશ, પચાસ ભેંશ, સો ભેંશ...."

વેશ તો ચડતો ને ચડતો જ ગયો.

ભવાયાઓએ ભૂંગળાં વગાડવા જ માંડ્યાં: "તા થૈ થૈ થૈ. ભલ્યે ભલ્યે ભલ્યે!"

છેવટે રઘાશેઠ કહે: "એ....આખા ગામનું ખાડું- આપ્યું!"

બધા રઘા સામે જોઈ રહ્યા. "અરે! શેઠ તે આ શું બોલે છે?"

એક જણ કહે: "અરે શેઠ! તમારાથી તે કાંઈ આખા ગામનું ખાડું અપાતું હશે? તમે કાંઈ ઘેલા થયા છો?"

શેઠ કહે: "ઘેલા નહિ તો બીજું શું? આખા ગામનું ખાડું ન અપાય તો વળી એક જ ભેંશ અપાતી હશે? તો તો પછી કાંઈ ન અપાય. જાઓ ત્યારે, કાંઈ નથી આપતો."

એમ કહી વાણિયાભાઈ ખસી ગયા.

તે દિવસથી આ કહેવત પડી: "આખા ગામનું ખાડું આપ્યું."

---*---

# ભેંશ ભાગોળે

ગામડું એવું ગામ હતું.

એક વાર પાદરે ભેંશો વેચાવા આવી. ગામના પટેલને થયું કે એક ભેંશ હું લઉં.

જઈને પટલાણીને કહે: "સાંભળ્યું કે, આપણે એક ભેંશ લેવી છે. આંગણે ભેંશ હોય તો સારું. છોકરાં છૈયાંને દૂધ મળે; બાકી મેળવીએ એનું દહીં થાય, ઘી થાય; ને છાશ થાય તે આડોશીપાડોશીને અપાય."

પટલાણી કહે: "એ બધું તો ઠીક, પણ જાડીરેડ જેવી છાશ તો હું મારાં પિયરિયાંને જ આપીશ."

"તે એકલાં તારાં પિયરિયાં જ સગાં, ને મારાં સગાં તો કાંઈ નહિ, કાં? એમ છાશ નહિ અપાય."

---

ભાગોળ=પાદર

પટલાણી કહે: "નહિ કેમ અપાય? અપાશે. ઘર તો મારું ય છે ને? ને ભેંશ તો મારીયે તે ને તમારી યે તે. બહુ બહુ તો દૂધ તમારાં સગાંને, પણ છાશ મારાં પિયરિયાંને."

પટેલ કહે: "છે ડંભો!"

પટલાણી કહે: "તમારાંને જ આપો."

આમ કરતાં વાત વધી પડી ને પટેલ પટલાણી લડી પડ્યાં!

એક તો પટેલ ને એમાં ખળભાટ થઈ. પછી જોઈ લ્યો! પરોણી લઈને પટેલે પટલાણીને સબોડી જ નાખ્યાં! ઘરમાં હો હો થઈ રહ્યું.

આડોશીપાડોશી દોડી આવ્યાં.

"છે શું પટેલ! આ શું માંડયું છે?"

પટલાણી કહે: "જુઓ તો બાપુ! આ વાંસામાં સોળ ઊઠ્યા છે તે! પટેલનો કાંઈ હાથ છે!"

પટેલ કહે: "તે કો'કની જીભ ચાલે ને કો'કનો હાથ ચાલે."

"પણ છે શું? કજિયો શાનો છે?"

"એ તો છાશનો છે. આ પટેલ કે'છે કે છાશ તારાં પિયરિયાંને નહિ. તે નહિ શું કામ? દૂધ ભલે ને એનાં ખાય; મારાં પિયરિયાં સુધી છાશે નહિ? એ મારે નહિ ચાલે!"

ત્યાં તો પાછા પટેલ ખિજાયા ને પરોણી લઈને દોડ્યા.

પાડોશમાં એક ડાવકો વાણિયો હતો. તેણે વિચાર્યું: "અરે, આ ભેંશ તો ભાગોળે છે ને આ ધમરોળ શાના?"

વાણિયો હતો યુક્તિવાળો. જઈને કહે: "પટેલ, પટેલ! વઢવાડ શું કરો છો? આ તમારી ભેંશે શિંગડું મારીને મારી વંડી પાડી નાખી તે ચણાવી આપો. ઢોર રઝળતાં મૂકતાં શરમાતા નથી?"

પટેલ કહે: "ભેંશ વળી કોને હતી?"

વાણિયો કહે: "ત્યારે કઈ ભેંશની છાશ સારુ લડો છો?"

પટેલ પટલાણી શરમાઈ ગયાં ને છાનાં-માનાં કામે લાગ્યાં.

# વોરાભાઈનું નાડું

ધીમે ધીમે એક ગાડું ચાલ્યું જતું હતું. ગાડામાં રૂનું મોટું જબરું ધોકડું હતું. વાંસે એક વોરાજી ચાલ્યા આવે. બપોર તપેલા ને માથે સૂરજ આવેલો. વોરાજી તો લાલ લાલ ચોળ થઈ ગયેલા. ચાલવાની ઘણી મહેનત કરે પણ ચલાય નહિ.

વોરાના મનમાં થયું: "લાવ ને, બેસારે તો આ ધોકડા પર જ બેસું? માથે તડકો પડે તો છો પડતો. પગે ચાલવાનું તો મટશે!"

વોરાજી કહે: "એ ગાડાવાલા! ધોકડા પર બેસવા દઈસ કે? કેટલાં દોઢિયાં લેવાનો?"

ગાડાવાળો કહે: "બેસવા તો દઉં, પણ વોરાજી! રસ્તો ખરાબ છે."

વોરાજી કહે: "તે સું થિયું? ધિયાન રાખીને બેસીસું."

ગાડાવાળો કહે: "ઠીક, બેસો ત્યારે. ચાર પૈસા આપજો."

---

નાડું=રાંઢવું; નાડી

વોરાજી તો ઘોકડે ચડીને બેઠા. ગાડું આમ આમ ચીલામાં દડતું જાય ને વોરાજી ડોલતા જાય. વોરાજી મલકાયાઃ "ઠીક થયું."

એટલામાં એક ઢાળ આવ્યો. ગાડાવાળો કહેઃ "એ વોરાજી! ઢાળ આવે છે; જરા નાડું પકડી રાખજે. જોજે, બરાબર પકડજે, નહિ તો ઊલળી પડશો."

વોરાજી કહેઃ "એ પકડું છું, બરાબર પકડું છું. તમે ફકર નહિ કરો."

ઢાળે ગાડું દડયું ને વોરાજી ઊલળીને હેઠે પડ્યા. પટેલ કહેઃ "નો'તું કહ્યું કે નાડું બરાબર પકડજે?"

વોરાજી ચોરણીની નાડી બતાવીને કહેઃ "તે હજુ તો પકડયું છે. આ પકડયું; બરાબર જોરથી પકડયું છે!"

પટેલ કહેઃ "અરે વોરાજી! એ ચોરણીનું નહિ; મેં તો પેલા ઘોકડા ઉપરનું કહેલું."

ત્યારથી 'વોરાભાઈનું નાડું' કહેવાયું.

# કોળીભાઈનું ઉંહું

એક હતા કોળીભાઈ. તે ચાલ્યા પરણવા. પગમાં તોડો, હાથમાં તલવાર, ખભે ઉપરણી ને માથે મોળિયું.

કોળીભાઈ પરણવા બેઠા.

એક તો આગે કોળીભાઈ; એમાં આવેલ પરણવા! ટટ્ટાર થઈને બેઠા; હલે કે ચલે. એમાં રાત શિયાળાની ને ટાઢ કહે મારું કામ.

ફળિયા વચ્ચે ચોરી. કોળીભાઈ ત્યાં બેઠા બેઠા પરણે.

કોઈ કહે: "અરે વરરાજા! આ ધાબળો ઓઢશો કે? ટાઢ પડે છે."

વર કહે: "ઉંહું."

---

મોળિયું = કસબી ફેંટો અથવા પાઘડી

મનમાં એમ કે વર થઈને ટાઢ વાય છે એમ તે કહેવાય? તો તો વરની આબરૂ જાય ના?

મા આવી: "દીકરા! આ ગોદડી ઓઢ જોઈએ?"

વર કહે: "ઉંહું."

બાપ કહે: "જસા! આ મારી પછેડી ઓઢીશ? લે ઓઢાડું."

વર કહે: "ઉંહું."

જસાનો ભાઈ કહે: "જસાભાઈ આ મારું ખેશિયું ઓઢાડું?"

વર કહે: "ઉંહું."

ભાઈબંધ કહે: "એલા ટાઢથી ઠૂંઠવાઈ જઈશ. લે કંઈક લઈ આવું ને તે ઓઢાડું."

વર કહે: "ઉંહું."

રાત વધતી ગઈ અને ટાઢ પડતી ગઈ.

કન્યા તો ઓઢી પહેરીને બેઠેલી; ઉપર માએ ધાબળો ઓઢાડ્યો. જસોભાઈ ટાઢે ઠરે!

પણ એ તો અક્કડ ને અક્કડ બેઠા તે

ખેશિયું=નાનો ખેસ; ઉપરણી

બેઠા; એનું ઉંહું અણઉંહું થાય તો કે?

ઘણું મનમાં થાય કે ઓઢાય તો ટાઢ ન વાય; પણ ઉંહું કહ્યું એનું શું? ના પાડી એનું શું? હવે હા કેમ પડાય?

વર તો એમ ને એમ બેઠો જ છે. ટાઢ પડતી જાય છે. પછી તો વરને કોઈએ પૂછ્યું પણ નહિ. આ એમ કરતાં કરતાં સવાર પડવા આવી. હીમ પડ્યું. વર તો ત્યાં ને ત્યાં ઠીંગરાઈ જ ગયો!

સવાર પડી ને બધા જુએ ત્યાં તો કોળીભાઈ હલે કે ચલે. ઉંહું ઉંહુંમાં બેસી રહ્યા તે ઠરીને શિંગડું થઈ ગયેલા!

---

# વાવડી ચસકી

પાસે પાસે ગામડાં હતાં.

એક ગામ કુંભારોનું અને બીજું ગામ વાળંદોનું.

કુંભારના ગામને પાદર વાવ ને વાળંદના ગામને પાદર કાંઈ નહિ.

વાળંદને બિચારાઓને પાણીની પીડા.

રોજ સામે ગામ પાણી સારુ જવું ને કુંભારનાં વેણ સાંભળવાં.

એક દિવસ ગામના બધા વાળંદો ભેગા થયા. જાણે કે ખૂબ ખિજાઈ ગયેલા હતા.

બધા મળી વિચાર કરવા લાગ્યા: "આ પાણીનું હવે શું કરવું? આ કુંભારનાં વેણ કેમ કરી સાંભળવાં?"

વાળંદ અદકપાંસળા ખરા ને! ડાહ્યા તો ખરા; પણ દોઢડાહ્યા પણ ખરા.

એક કહે: "આપણે એ વાવ જ લઈ આવીએ તો?"

બીજો કહે: "અરે! એવડી મોટી વાવ

તે કેમ લવાય?

ત્રીજો કહે: "અરે, એ વાવડીના તે શા ભાર છે!"

ચોથો કહે: "ત્યારે કેમ કરશું?"

બધા કહે: "ચાલો આપણે આજ રાતે ઊપડીએ. રાતબૂઢા ઉપાડી લાવીએ."

વાળંદ તો બધા ઊપડ્યા. છાનામાના ચાલતા ચાલતા વાવ પાસે આવી બેસી ગયા. મધરાત થઈને ઊભા થયા.

બધા કહે: "ઉપાડો હવે વાવડીને.. દેજો બધા હાથ."

ઘણા હાથ દીધા પણ વાવડી ચસકી નહિ.

બધા કહે: "માળું, આ તો માર્યા! જો ક્યાંઈક ભોંઠા પડીએ નહિ!"

એક કહે: "અરે, એમાં મૂંઝાવા છો શું? ઉતારો આપણા માથાનાં મોળિયાં. ખચકાવીને બાંધો ટોડા સાથે. જુઓ પછી વાવડી ચસકે છે કે નહિ?"

સૌએ પોતપોતાનો ફેંટો વાવના ટોડા

---

રાતબૂઢા=રાત દરમિયાન          ખચકાવીને=ખેંચીને

સાથે બાંધ્યો. બધા બાંધી રહ્યા એટલે કહે: "ખેંચો, ખેંચો. હમ્ મારો બાપો; કરો જોર. ખેંચો, ખેંચો!"

તૂટી મરે એમ બધા ખેંચવા લાગ્યા, પણ વાવડી ચસકી નહિ. વળી વધારે ખેંચ્યું. ત્યાં તો 'ચરડ' બોલ્યું.

બધા કહે: "એલા વાવડી ચસકી! એ એલા ચસકી! ફિકર નહિ; ફિકર નહિ. ખેંચો, ખેંચો, ખેંચો!"

એ તો ભાઈ એવા તો જોરથી ખેંચવા માંડ્યા કે ન કરો વાત.

પણ એવું તો ચરડ ચરડ થવા માંડયું કે બસ બસ!

ત્યાં તો ધબ દઈને બધા હેઠા પડ્યા તે કડુડુડુ ભૂસ!

"અરે! આ શું થયું? વાવડી ક્યાં?"

શરીર ચંચવાળતા ચંચવાળતા જુએ ત્યાં તો વાવડી તો ત્યાંની ત્યાં હતી; માત્ર સૌના ફેંટા ફાટીને કટકા થઈ ગયેલા!

## ગાંડાપૂછ

એક હતો કણબી.

કણબીને એક છોકરો હતો.

છોકરો અક્કલનો ઓથમીર.

કણબી ગામનો પટેલ હતો. ઠીક ઠીક પૈસાદાર હતો. બેપાંચ જોડી બળદ હતા. દસ સાંતી જમીન હતી.

પણ કણબીને રોજ ચિંતા રહે. મનમાં થાય કે મારી પાછળ આ દીકરો શું ઉજાળશે? કણબી દીકરાને ઘણું ભણાવેગણાવે, પણ દિકરાને વિદ્યા ચડે નહિ.

એમ કરતાં બાપ માંદો પડ્યો. પટેલનો જીવ કેમે કરીને જાય નહિ.

---

ઓથમીર=ખાં

દીકરે પૂછ્યું: "બાપા! તમારો જીવ શે જતો નથી? સાચેસાચું કહો. જેમાં જીવ હોય તે કહો. તમારા કહેવા પ્રમાણે કરશું ને તમારી આમન્યા પાળશું."

પટેલ કહે: "દીકરા! ભણ્યો નહિ ગણ્યો નહિ, એટલે મને તારી બહુ ફિકર રહે છે. પાછળથી તું બધું કેવી રીતે ચલાવીશ?"

દીકરો કહે: "બાપા ફિકર કરો મા, એ તો બધું થઈ રહેશે. તો ય તમે કહેશો તે કરીશ. જે કહેવું હોય તે કહી નાખો."

બાપ કહે: "બીજું બધું તો ઠીક, પણ એક વાત સંભારી રાખજે કે લીધી વાત ન મૂકવી. ગમે તેમ થાય પણ એક વાર લીધી વાત ન મૂકવી."

દીકરો કહે: "બાપા! એમાં શું? હું તે લીધી વાત મૂકું? જાઓ બાપા, સુખેથી જીવ ગતે કરો."

દીકરે પાણી લઈને હેઠે મૂક્યું એટલે

---

આમન્યા=આજ્ઞા

ડોસાનો જીવ ગયો.

દીકરે તો વાત બરાબર મનમાં રાખી લીધી: "બસ, લીધી વાત મૂકવી નહિ!"

ચોમાસાનો દિવસ હતો ને દીકરો ખેતરે ગયેલો. ખેતરમાં જઈને જુએ તો ઢોર મોલ ચરી જતાં હતાં. દીકરો લાકડી લઈ ઢોર પાછળ દોડ્યો. કાદવવાળી જમીન હતી એથી દોડતાં દોડતાં પગ લપસ્યો, ને દીકરો ભોંય પર પડી ગયો. પાસે જ ગધેડું ઊભું હતું અને પૂછડું હલાવતું હતું; ચડપ દઈને પૂછડું પકડયું. પૂછડું પકડયું ને બાપાનો બોલ સાંભર્યો કે લીધી વાત ન મૂકવી. હવે પૂછડું કેમ મુકાય? એ તો પકડયું તે પકડયું!

ગધેડું તો પાછલા પગે પાટુ મારતું જાય ને દોડતું જાય. છોકરો ઢસડાતો જાય, ઉઝરડા થતા જાય; પણ લીધું પૂછ કેમ મુકાય? પૂછડું ઊલટું કકડાવીને પકડી રાખ્યું.

ગધેડું ભાગતું ભાગતું ગામમાં આવ્યું. લોકોને તો તમાસો મળ્યો. ચારેકોરથી બધા

ભેગા થયા ને હસવા માંડ્યા.

બધા કહે: "એલા મૂકી દે, મૂકી દે; પૂંછડું મૂકી દે!"

છોકરો કહે: "હું તે મૂકું? મૂકું તો મારા બાપાનું વેણ જાય ના! મારો બાપ અવગતે જાય ના!"

છોકરો તો કેમે કરી માને નહિ, ને ગધેડાને છોડે નહિ.

લોકો કહે: "એ તો ભાઈ ગદ્ધાપૂછ છે. ચાલો આપણે જ પૂછડું છોડાવીએ."

લોકો પૂછડું ઘણું છોડાવે પણ છોકરો છોડે તો કે! ને ગધેડો તો કૂદકેકૂદકા ને પાટેપાટાં મારે.

લોકોએ છેવટે ગધેડાનું પૂછડું કાપી નાખ્યું.

પણ તો ય છોકરે પછડું ન મૂક્યું. લીધી વાત ન જ મૂકી!

## દાઢીના દોઢસો ને ચોટીના ચારસો

એક હતા વોરાજી. ઇસ્માલજી એનું નામ.

અડધી રાત થયેલી.

વોરાજી નાડાછોડ કરવા ઘર બહાર આવ્યા. ત્યાં જ ચોર ઊભેલો.

વોરાને દેખીને ચોર પાસે આવ્યો અને ઝટ દઈ ને વોરાજીની દાઢી પકડી.

ચોર કહે: "મલાંજી! જો દોઢસો રૂપિયા આપશો તો દાઢી છૂટશે."

વોરાજી મનમાં કહે: "આ તો માર્યા! કાંઈક જુક્તિ કરીને છૂટીએ."

મોટેથી વોરાજી બોલ્યા: "સાંભળે છે કે? આ ચોર આવ્યો છે, ને એણે મારી દાઢી પકડી

---

નાડાછોડ કરવી=પેશાબ કરવા જવું.

છે, ને દોઢસો રૂપિયા માગે છે. આ તો દાઢીના દોઢસો છે, પણ ચોટીના તો ચારસો થશે. જો દાઢી મૂકી દઈને ચોટલી પકડશે તો પૂરા ચારસો આપવા પડશે. ચાલ જોઉં, ઝટ કર જોઉં; પેલા પટારામાંથી દોઢસો રૂપિયા કાઢી લાવ."

ચોર મનમાં કહે: "ભલા, આ લાગ શું કામ જવા દઉં? ચાલ ને દાઢી મૂકીને ચોટલી જ પકડું કે દોઢસોના ચારસો જ મળે!"

ચોરે હળવેક દઈને દાઢી મૂકી દીધી ને ચોટલી પકડવા હાથ લંબાવ્યો; પણ ત્યાં તો મલ્લાંજીને માથે તાજો એવો મૂંડો! ચોટલી બોટલીનું તો ઠેકાણું ન મળે. હાથમાંથી દાઢી તો છૂટી ગયેલી ને ચોટલી કંઈ હાથ ન આવી. મલ્લાજી તો ઝટ દઈને ઠેકતા ને ઘરમાં પેસી ગયા ને બારણું બંધ કરીને સૂઈ રહ્યા.

ને ચોર?

# દોઢડાહ્યો ત્રણ ઠેકાણે ખરડાય.

મૂરખ હોય તે તો માર ખાય જ. ડાહ્યો હોય તે હાર ન જ ખાય. પણ જે નહિ મૂરખ જે નહિ જે ડાહ્યો, પરંતુ જે દોઢડાહ્યો હોય તે તો ત્રણ ઠેકાણેથી ખરડાય. મારે ખાય, હારે ખાય ને હાંસી ય પામે.

એવો એક દોઢડાહ્યો હતો. બહુ ઝીણવટથી વિચાર કરે; બહુ ચોકસાઈ રાખે; બહુ બહુ ડહાપણ વધારે. માને કે હું ડહાપણનો દરિયો. કદી ભૂલથાપ ખાઉં જ નહિ. મારી આવડત બરાબર; મારી અક્કલ બરાબર!

એક વાર ભાઈ રસ્તેથી જતા હતા. અંધારું હતું. પગ ઠાવકાઈથી મૂકતા હતા; ડગલે ડગલે વિચાર કરીને મૂકતા હતા. સાપનો વિચાર કરીને, વીંછીનો વિચાર કરીને, ખાડાનો વિચાર કરીને, પથરાનો વિચાર કરીને પગ મૂકતા હતા.

ત્યાં પગ કશાકમાં પડ્યો. મૂરખને ય ખબર પડે એવું હતું કે શામાં પડ્યો; ને ડાહ્યો હોય

તેને તો ખબર પડે એમ હતું જ. પણ આ તો હતો દોઢડાહ્યો. તેણે તો બરાબર નક્કી જ કરવું જોઈએ કે શું કચરાયું, ખરેખર શું કચરાયું. પગથી પૂરી ખબર ન પડે માટે હાથથી તપાસ કરવી જોઈએ. હાથે બરાબર ન ખબર પડે તો પછી નાકે સૂંઘી જોવું જોઈએ. પૂરી તપાસ અને પૂરી ખાતરી કરીને જ નક્કી કરવું જોઈએ.

દોઢડાહ્યા ભાઈએ પહેલાં પગ ઊંચો કર્યો ને હાથેથી ચોટેલું લીધું. હાથની આંગળીએ ચોળીને ઝટ કરીને નાકે અડાડી સૂંઘ્યું.

અને એ શું હતું? વિષ્ટા જ તો!

"છિ છિ છિ! થૂ થૂ થૂ!" કરી દોઢડાહ્યો ખિજવાયો.

પણ એ તો હતો દોઢડાહ્યો! દોઢ ડહાપણમાં ને દોઢ ડહાપણમાં પગે, હાથે ને નાકે ત્રણ ઠેકાણે ખરડાયો!

આનું નામ દોઢડાહ્યો ત્રણ ઠેકાણે ખરડાય. પછીથી આ કહેવત થઈ.

# શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

## ૮૦ પુસ્તકો

### સંપાદકો ગિજુભાઈ અને તારાબેન

૧ ગણપતિ બાપા
૨ ચેલૈયો
૩ ઉંદરભાઈ, હતું હતું
૪ હજામડી
૫ કબાટ
૬ બાળકોનો બીરબલ-૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો-૧
૯ હંસ અને હંસા
૧૦ તિરંદાજ

...ના

... ગંકનો અને રાક્ષસ
૧૭ રૂપસિંહ ને રામસિંહ
૧૮ ટપાલની પેટી
૧૯ ગધેડું
૨૦ ચીડિયાખાનું
૨૧ મહાસભાઓ
૨૨ કહેવતોનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભર્યું
૨૫ શબ્દપોથી
૨૬ વાકયપોથી
૨૭ ચિઠ્ઠીપોથી

૨૮. નાનો પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરેલા ...

... બાળનાટકો-૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ ગોતિયો
૪૫ રામજીભાઈ પડી ગયા!
૪૬ મંગેશનો પોપટ
૪૭ પીળીડો ધુણે છે
૪૮ પીરૂ અને-
૪૯ છાણાં થાપી આવ્યાં
૫૦ મામાની જાડય
૫૧ વાડામાં
૫૨ રોજનીશી
૫૩ બાળકોનો બીરબલ-૨
૫૪ છેટાં રહેજો માબાપ

૫૫ મારી ગાય
૫૬ કમળાબેનના પાઠ
૫૭ ગિરિશિખરો
૫૮ કાળા હાથ કાળી દાઢ
૫૯ ખળાવાડ
૬૦ પૂછું ?
૬૧ ઝાતરાતી દીવાલો-
...

... સંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ ?
૬૯ સાચા નહીં એ
૭૦ વ્યાકરણ પોથી
૭૧ પ્રકૃત સંગ્રહ
૭૨ રમત જોડકણા
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા અને સોરઠા.
૭૫ વિનોદ ટૂચકા
૭૬ બાળકોના પ્રેમ.
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન

C. ૩૭૧૨


# દરેક ઘરમાં હોવાં જ જો

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિરનાં પ્રકાશ

બાળકો તેમ જ કિશોરો માટેનાં

| | | | |
|---|---|---|---|
| ૧ | બાલસાહિત્યમાળા • ૮૦ પુસ્તકો | | આખા સેટના |
| ૨ | બાલસાહિત્યગુચ્છ • ૨૫ પુસ્તકો | | ,, |
| ૩ | બાલસાહિત્ય વાટિકા • ૩૫ પુસ્તકો • | | દરેક પુસ્તકના |
| ૪ | બાળવાર્તાઓ ભા. ૧–૫ • | શ્રી ગિજુભાઈ | ,, |
| ૫ | કિશોરકથાઓ ભા. ૧–૨ | ,, | ,, |
| ૬ | રખડુ ટોળી ખંડ ૧–૨ | ,, | ,, |
| ૭ | ધર્માત્માઓનાં ચરિતો | ,, | ,, |
| ૮ | ઇસપનાં પાત્રો : ગધેડાં | ,, | |
| ૯ | બાળ લોકગીત સંગ્રહ ભા. ૧-૨ | ,, | દરેકના |
| ૧૦ | મહાભારતનાં પાત્રો ૧–૧૩ • | શ્રી નાનાભાઈ • | સેટના |
| ૧૧ | રામાયણનાં પાત્રો ૧–૬ | ,, | ,, |
| ૧૨ | આખ્યાયિકાઓ ખંડ ૧–૨ | ,, | દરેકના |
| ૧૩ | શ્રીમદ્ લોકભાગવત | ,, | |
| ૧૪ | ભાગવત કથાઓ | ,, | |
| ૧૫ | બાલરામાયણ | શ્રી મોંઘીબેન | |
| ૧૬ | ભગવાન બુદ્ધ | શ્રી ગિજુભાઈ | |
| ૧૭ | સો. કે. નાં પરાક્રમો | શ્રી રમેશ ગૌતમ | |
| ૧૮ | ટારઝન ભાગ ૧–૧૦ | શ્રી શંકર શાહ • | દરેકના |
| ૧૯ | રંગરેખા (ચિત્રસંગ્રહ-બે ભાગ) | શ્રી સોમાલાલ શાહ | |
| ૨૦ | બાપુજીની અને બીજી વાતો | કપિલાબેન ઠાકોર | |
| ૨૧ | પીળાં પલાશ (બાળનાટકો) | શ્રીધરાણી | |

:મળવાનું મુખ્ય સ્થળ:

આર. આર. શેઠની કંપની : મુંબ

બુકસેલર્સ ઍન્ડ પબ્લિશર્સ : પ્રિન્સેસ સ્ટ્રી